ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ક્રમાંકઃ એમઆઇએસ/૧૨/૨૦૧૪/જીઓઆઇ-૪૮/એમ.આઇ.સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧/૧૨/૨૦૧૪

**પરિપત્ર**

ભારત સરકારના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય દ્વારા દેશના દરેક રાજયના દરેકેદરેક જીલ્લામાં જળ સંસાધનના આયોજન અને જળ સંરક્ષણ અંગે લોકજાગૃતિ ફેલાવવા માટે "હમારા જલ હમારા જીવન" નામે કાર્યક્રમ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંતર્ગત માન. કેન્દ્રિય જળસંસાધન મંત્રીશ્રીએ આજે તા.૩૧.૧૨.૨૦૧૪ ના રોજ વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ રાજ્યોના સચિવશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી હતી. જેમાં નક્કી થયા પ્રમાણે દરેક રાજયના દરેક જીલ્લાઓમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની થાય છે.

(૧) દરેક જીલ્લામાં જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરવાની થાય છે. જેમાં નીચેના અધિકારીશ્રીઓનો સમાવેશ કરવાનો રહે છે.

| | | |
|---|---|---|
| ૧. | જીલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | નિયામકશ્રી, જીલ્લા ગ્રામવિકાસ એજન્સી | સભ્યશ્રી |
| ૩. | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪. | જીલ્લા વન અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫. | જીલ્લા બાગાયત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬. | જીલ્લા પશુપાલન અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭. | કાર્યપાલક ઇજનેરશ્રી (પાણી પુરવઠા) | સભ્યશ્રી |
| ૮. | ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૯. | વાસ્મોના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૦. | સંકલિત જળ વ્યવસ્થાપન કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૧. | કાર્યપાલક ઇજનેર, જીલ્લા પંચાયત | સભ્ય સચિવશ્રી |

(૨) ઉપરોકત સમિતિ જીલ્લામાં યોજનાર સમગ્ર કાર્યક્રમનું આયોજન કરશે. કાર્યક્રમ કયા મથકે કરવામાં આવશે તે સમિતિ નક્કી કરી સ્થળની જાણ આ પરિપત્રના અનુક્રમ!(૧૧) માં દર્શાવેલ અધિકારીને કરશે.

(૩) નવરચિત સાત જીલ્લાઓ- અમરેલી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, અરવલ્લી, મહિસાગર અને છોટાઉદેપુરમાં તા.૧૭ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ અને તે સિવાયના જીલ્લાઓમાં તા.૧૬ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(૪) કાર્યક્રમની રૂપરેખા સાથે બીડેલ પત્રક-૧ પ્રમાણે રહેશે. સ્થળ-સ્થિતિ અનુસાર સમયમાં ફેરફાર સમિતિ નક્કી કરી શકશે.

(૫) કાર્યક્રમ હાથ ધરતાં પહેલાં જીલ્લા કક્ષાએ સમિતિએ એક મોડેલ ગામ, જેને 'જળ ગ્રામ' તરીકે ઓળખવામાં આવશે તેની પસંદગી કરવાની રહેશે. 'જળ ગ્રામ' તરીકે એવું ગામ પસંદ કરવાનું રહેશે કે જેમાં પાણીને લગતા પ્રશ્નો તીવ્ર માત્રામાં હોય. 'જળ ગ્રામ' તરીકે કયું ગામ પસંદ થયું તેની વિગતો અનુક્રમ-(૧૧) માં દર્શાવેલ અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

(૬) સાથોસાથ જે તે જીલ્લાની આ સાથે બીડેલ પત્રક-૨ પ્રમાણે વોટર પ્રોફાઇલ તૈયાર કરવાની થશે અને આ પ્રોફાઇલના આધારે જળ સુરક્ષા સંદર્ભે જાહેર જનતા સાથે ચર્ચા કરી તેના સૂચનો કાર્યક્રમ દરમ્યાન મેળવવાના રહેશે. આ પ્રોફાઇલ પણ અનુક્રમ-(૧૧) માં દર્શાવેલ અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

(૭) તા.૧૬ અને ૧૭ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ ઉપર દર્શાવ્યા પ્રમાણેના કાર્યક્રમમાં મુખ્યત્વે નીચેની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું રહેશે.

૧.) જળ સંરક્ષણ
૨.) જળ પ્રબંધન
૩.) જળ સુરક્ષા
૪.) જીલ્લાની જળ પ્રોફાઇલ – જળ સુરક્ષા સંદર્ભે જાહેર જનતા સાથે ચર્ચા અને સૂચનો

(૮) કાર્યક્રમનું નામાભિધાન Water Management for Sustainable Development એ રીતે કરવાનું રહેશે.

(૯) આ કાર્યક્રમમાં જાહેર જનતા બહોળા પ્રમાણમાં ભાગ લઈ શકે તે રીતે આયોજન કરવાનું રહેશે. જેમાં જાહેર જનતા ઉપરાંત શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ, સ્થાનિક આગેવાનો તથા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૦) આ કાર્યક્રમના આધારે જે ભલામણો અને તારણો કાઢવામાં આવશે તે ભારત સરકારના જળસંસાધન મંત્રાલય દ્વારા નીતિ નિર્ધારણમાં મદદરૂપ થશે.

(૧૧) આ કાર્યક્રમના સ્થળે મૂકવાના થતાં બેનર્સ વગેરે બાબતે અલાયદી સૂચના આપવામાં આવી રહી છે. કાર્યક્રમ પૂર્ણ થયેથી દિન-૨ માં તમામ તારણો અને ફોટોગ્રાફ્સ શ્રી ડી.કે.તિવારી, અધીક્ષક ઇજનેરશ્રી(સંકલન), કેન્દ્રિય જળ આયોગ, નર્મદા અને તાપી બેસિન સંગઠન, નર્મદા તાપી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ [સંપર્ક-(૦૭૯) ૨૩૨૪૫૪૨૬,(મો.) ૯૪૨૮૫૧૦૯૫૦, e-mail: cwc_ntbo@rediffmail.com, dhirendr.tiwary@gmail.com ] ને મોકલી આપવાના રહેશે.

(એસ..જે.દેસાઇ)
સચિવ(જ.સં.)
ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ

બિડાણઃ ઉપર મુજબ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(જ.સં.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પા.પુ.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનર અને સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી(પશુપાલન), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, કેન્દ્રિય જળ આયોગ, નર્મદા અને તાપી બેસિન સંગઠન, નર્મદા તાપી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- અધીક્ષક ઇજનેરશ્રી(સંકલન), કેન્દ્રિય જળ આયોગ, નર્મદા અને તાપી બેસિન સંગઠન, નર્મદા તાપી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- અધીક્ષક ઇજનેરશ્રી (તમામ)
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- નિયામકશ્રી, જીલ્લા ગ્રામવિકાસ એજન્સી (તમામ)
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો, જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી (તમામ)
- જીલ્લા વન અધિકારીશ્રી (તમામ)
- જીલ્લા બાગાયત અધિકારીશ્રી (તમામ)
- જીલ્લા પશુપાલન અધિકારીશ્રી (તમામ)
- કાર્યપાલક ઇજનેરશ્રી (પાણી પુરવઠા)
- ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના પ્રતિનિધિ (સંબંધિત)
- વાસ્મોના પ્રતિનિધિ (સંબંધિત)
- સંકલિત જળ વ્યવસ્થાપન કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ (સંબંધિત)
- કાર્યપાલક ઇજનેર, જીલ્લા પંચાયત (તમામ)

## પત્રક–૧

## કાર્યક્રમનીરૂપરેખા

| | |
|---|---|
| ૦૯.૦૦ થી ૦૯.૧૫ | કાર્યક્રમની ઉદ્‌ઘોષણા અને ટૂંકી સમજ |
| ૦૯.૧૫ થી ૦૯.૪૫ | જળ સંરક્ષણ |
| ૦૯.૪૫ થી ૧૦.૧૫ | જળ પ્રબંધન |
| ૧૦.૧૫ થી ૧૦.૪૫ | જળ સુરક્ષા |
| ૧૦.૪૫ થી ૧૧.૪૫ | જીલ્લાની વોટર પ્રોફાઇલ– જળ સુરક્ષા સંદર્ભે જાહેર જનતા સાથે ચર્ચા અને સૂચનો |
| ૧૧.૪૫ થી ૧૨.૦૦ | સૂચનોનો સારાંશ અને આભાર વિધિ |

પત્રક નં ૨

## 1 Sources of Water

| (For Water Quality / Quantity affected Villages Only) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| District | Taluka | Village | No of Open Wells | No of Tubewells | No of Lift Irrigation Schemes | No of Village Tanks | No of Sim Talav | No of Percolation Tanks | Name of Scheme | Canal Name | Drinking Water Potable / Non Potable |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

**Problem of Drinking Water / Irrigation**

| Drinking Water Problem | Irrigation Water Problem |
|---|---|
| Little / Normal / Severe/ Very Severe | Little / Normal / Severe/ Very Severe |
| | |
| | |

## 2 Existing Utilisation for various uses of Water at District Level

Drinking Water

Irrigation Water

Industrial Water

Domestic and Recreational Use

## 3 Total Demand Requirement for varous uses

Drinking Water

Irrigation Water

Industrial Water

Domestic and Recreational Use

**4 Shortage/Excess Availablility**

Drinking Water

Irrigation Water

Industrial Water

Domestic and Recreational Use

**5 Number of Water Quality Affected Villages with Names**

**6 Suggested Local Solution**

Action Points for Concerened Departments

**7 Future Road Map to Manage Water**

Population Scenario

Requirement of Water

Eco Friendly measures to augment water resources

Increasing economical use of water

# हमारा जल हमारा जीवन

भारत सरकार

## જળસંપત્તિ, જળસંસાધન , નદી વિકાસ અને ગંગા સરક્ષણ મંત્રાલય

Government of India

Ministry of Water Resources, River Development and Ganga Rejuvenation

---

એક દિવસીય કાર્યશાળા

One Day Workshop on

## સાતત્યપૂર્ણ વિકાસ અર્થે જળ સંચય

Water Conservation for Sustainable Development

જીલ્લો :

District :

---

16/17 जनवरी 2015